જી.એન.પી.સી.ટી /જળસંચય                                                                 તા:- ૩૧/૧૨/૨૦૨૦

## <u>ટેન્ડર નોટીસ</u>

ગલબાભાઈ નાંનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ,બનાસડેરી,પાલનપુર દ્વારા જન ભાગીદારીથી બૃહદ બનાસકાંઠા જિલ્લામાં જળ શક્તિ સંચય અભિયાન અંતર્ગત નક્કી કરેલ સ્થળો/સાઈટો ઉપર જરૂરી સાધન સામગ્રી ધરાવતા અને સક્ષમ ઇજારદારોએ આરોગ્યકેન્દ્ર (બનાસડેરી,પાલનપુર) માં ટેન્ડર ફી પેટે રૂ/. ૫૦૦/- (નોન રીફંડેબલ) ભરી સિવિલ વિભાગમાંથી ટેન્ડર કોપી મેળવી ભરેલ ટેન્ડર કોપી સાથે રૂ/.૧૦,૦૦૦/-(રૂપિયા દસ હજાર પુરા)નો ડિમાન્ડ ડ્રાફ્ટ સીલબંધ કવરમાં તા. ૧૫/01/૨૦૨૧ ના 3.00 કલાક સુધીમાં ટ્રસ્ટમાં જમા કરાવવાનું રહેશે. ટેન્ડર મંજૂર અથવા નામંજૂર કરવાનો અધિકાર ટ્રસ્ટના માનદ મુખ્ય કાર્યકારી અધિકારી નો રહેશે. કામ કરવાની લાયકાત અને શરતો વેબ સાઈટ WWW.BANASDAIRY.COOP. મૂકવામાં આવેલ છે.

માનદ મુખ્ય કાર્યકારી અધિકારી
જી.એન.પી.સી.ટી- પાલનપુર

જી.એન.પી.સી.ટી /જળસંચય/ તા:- ૩૧/૧૨/૨૦૨૦

<u>ટેન્ડર</u>

**<u>કામનું ટૂંકું વર્ણન</u>**:- ગલબાભાઈ નાંનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, બનાસડેરી,પાલનપુર દ્વારા જન ભાગીદારીથી બૃહદ બનાસકાંઠા જિલ્લામાં જળશક્તિ સંચય અભિયાન અંતર્ગત આ સાથે જોડેલ બીડાણ મુજબના સ્થળોએ તથા ટ્રસ્ટ દ્વારા નક્કી કરવામાં આવનાર બીજા અન્ય સ્થળોએ માટીકામ,પથ્થર પીચીંગ,પથ્થર ચણતર તથા સિમેન્ટ કોંક્રીટ કામ.

નક્કી કરેલ સ્થળ/સાઇટ ઉપર GST નંબર ધરાવતા, પોતાની માલિકી કે ભાડાની સાધન સામગ્રી જેવી કે હિટાચી,આઇવા,લોડર,ડમ્પર,જેસીબી,ટ્રેક્ટર,ટ્રોલી વગેરે જરૂરી સાધનો ધરાવતા સક્ષમ ઇજારદારોએ દર્શાવેલ સ્થળ/સાઇટ ઉપર સૂચના અનુસારની લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈમાં દરેક પ્રકારની માટી/સોફ્ટ મોરમ/સોફ્ટ પથ્થર વગેરે જરૂરી મશીનરી દ્વારા ખોદાણ-કામ કરી, જરૂરી સાધનોમાં ભરીને સૂચના અનુસાર દર્શાવેલ જગ્યાએ પાળા બંધ બનાવી, લેવલીંગ કરી સુચના અનુસાર જરૂરી સંપૂર્ણ કામપૂર્ણ કરી આપવાનુ રહેશે.

- **<u>કામનો અંદાજીત જથ્થો</u>** :- દરેક સ્થળ ઉપર ઇજારદાર દ્વારા સાઇટ વિઝીટ કરીને ઇજારદારે સાઈટ સામે દર્શાવેલ અંદાજિત જથ્થાની સામે લાગુ પડતા ટેક્ષ સાથેનો પ્રતિ ઘનમીટર/(Cu.M.) નો ભાવ આપવાનો રહેશે. કામના જથ્થાની સ્થળ સ્થિતિ પ્રમાણે વધ-ઘટ થવાની શક્યતા રહેલી છે. સદર ભાવની અંદર સાઈટ મુજબ જરૂરી લીડ અને લિફ્ટ ઇજારદારે ગણી લેવાની રહેશે. તેમજ ઇજારદાર દ્વારા ઉચ્ચક ભાવ પણ અવેજમાં આપી શકાશે.
- **<u>કામપૂર્ણ કરવાની સમય મર્યાદા</u>**:- બૃહદ બનાસકાંઠામા જી.એન.પી.સી.ટી દ્વારા નક્કી કરેલ સ્થળોએ ટેન્ડર મંજુર થયેથી દિન ૫(પાંચ)માં કામ શરૂ કરવાનું રહેશે. સદર કામનો ઓર્ડર મળ્યેથી કામના પ્રમાણમાં જી.એન.પી.સી.ટી દ્વારા નિયત કરેલ સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવાનું રહેશે.

1. **<u>કામ કરવાની લાયકાત</u>** :- ઇજારદાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં (વર્ષ ૨૦૧૭-૧૮,૨૦૧૮-૧૯,૨૦૧૯-૨૦)માટીનું ખોદાણ+પુરાણનુ એક કામ ૨૦ લાખ અથવા બે કામ ૧૦-૧૦ લાખના અથવા ત્રણ કામ ૮-૮ લાખના સંતોષ કારક કરેલા હોવા જોઈએ, કરેલ કામના સર્ટીફીકેટ ની નકલ ટેન્ડર સાથે જમા કરાવવાના રહેશે. ઇજારદારશ્રીએ કરેલા કામના અનુભવ પ્રમાણે ટોચ અગ્રતા આપવામાં આવશે.
2. **<u>કામ બાબતની શરતો</u>** :-

   (૧) ટેન્ડર સાથે જમા કરાવેલ ડીમાન્ડ ડ્રાફ્ટ, ભાવ મંજુર થયેલ ઇજારદાર સિવાયના ઇજારદારને પરત કરવામાં આવશે. મંજુર થયેલ ઇજારદારને કામ પૂર્ણ થયે બાનાની રકમ પરત કરવામાં આવશે.

   (૨) જી.એન.પી.સી.ટી દ્વારા નક્કી કરેલ જગ્યાએ જ કામ કરવાનું રહેશે. તે સિવાય અન્ય કોઈ પણ જગ્યાએ ખોદેલ માટીનો ઉપયોગ કરવો નહી.

(૩) ઉપરોકત ઘન મીટર(Cu.M.) તેમજ ઉચ્ચક ભાવમાં લાગુ પડતા બધા જ ટેક્ષ,રોયલ્ટી વગેરે ઇજારદારનાં શીરે રહેશે. ભાવ ભરનાર ઇજારદારે સદર બાબતો ધ્યાને રાખવી. જી.એન.પી.સી.ટી દ્વારા લેબર સેશ,TDS નિયમાનુસાર કાપીને બીલનુ ચુકવણું કરવામાં આવશે.

(૪) સંસ્થાનાં નીતિનિયમોનુ પાલન ઇજારદારશ્રી એ કામ પૂર્ણ થાય ત્યાં સુધી કરવાનું રેહશે.

(૫) સદર કામ સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું રેહશે, જો કામ પૂર્ણ થવામાં વિલંબ થશે તો કરેલ કામનુ પેમેન્ટ જી.એન.પી.સી.ટી દ્વારા અટકાવામાં આવશે તથા પેમેન્ટની શરતો મુજબ ચુકવવા પાત્ર રકમ નાં ૧૦% રકમ જપ્ત કરી, કામ અન્ય ઇજારદાર શ્રી પાસે કરાવવા માટે જી.એન.પી.સી.ટી ને અધિકાર અબાધિત રેહશે.

(૬) જળશક્તિ સંચય અભિયાન હેઠળ લોકભાગીદારીથી હાથ ધરાયેલ કામો અન્વયે કામગીરીમાં થયેલ માટીકામના જથ્થા મુજબ ચુકવણું કરવાનું હોવાથી કામના માપો લંબાઈ X પહોળાઈ X ઊંડાઈ(Lx B x D) મુજબ લેવાના રહેશે.

(૭) અનિવાર્ય સંજોગોમાં સદર કામ દરમ્યાન કોઈપણ જાત નો પ્રશ્ન ઉપસ્થિત થાય તો જી.એન.પી.સી.ટી ના માનદ મુખ્ય કાર્યકારી અધિકારી દ્વારા લીધેલ નિર્ણય અંતિમ ગણાશે. સદર બાબતે કોઈપણ પ્રકારનો વિવાદ ઉભો થશે તો તે માટેનું ન્યાયનું કાર્યક્ષેત્ર પાલનપુર રહેશે.

(૮) જળશક્તિ સંચય અભિયાન અંતર્ગત ટ્રસ્ટ દ્વારા નક્કી કરવામાં આવેલ અન્ય સ્થળોએ ટ્રસ્ટ દ્વારા મંજુર કરેલ ભાવો મુજબ ઇજારદારે અન્ય સાઈટો ઉપર પણ કામ કરી આપવાનું રહેશે.

3. **પેમેન્ટ ચુકવણાની રીત**:- ૨૫% જેટલું કામ પૂર્ણ થયેથી ૧૫% પેમેન્ટ ૫૦% જેટલું કામ પૂર્ણ થયેથી બીજા ૧૫% પેમેન્ટ, ૭૫% જેટલું કામ પૂર્ણ થયેથી બીજા ૩૦% અને ૧૦૦% કામ સંતોષકારક રીતે પૂર્ણ થયેથી બાકીનું ૪૦% પેમેન્ટ જી.એન.પી.સી.ટી ની ટીમનું કામ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર મળ્યેથી દિન ૧૫(પંદર)માં પેમેન્ટ કરવામાં આવશે. સદર ચુકવણું ચેક/આરટીજીએસ/એનઈએફટી દ્વારા કરવામાં આવશે. રોકડ કે ઈંધણના બળતણ તરીકે કોઈ પણ જાતનું ચુકવણું કરવામાં આવશે નહી.

જી.એન.પી.સી.ટી, ઇજારદારની સહી

બનાસડેરી, પાલનપુર.